**647510** **0101201E2042** **Seat No: ___________**

# B.A. Semester - 2 (CBCS) Examination
## March/April- 2018
## GUJARATI : P4 SARJAN LEKHAN KAUSHAL-2 (ELECTIVE-2)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન – ૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

ચરિત્રનો વિકાસ જીવનનો પરમોદ્દેશ છે. ચરિત્રના વિકાસને માટે–વિકાસના સાધનોને માટે શું વ્યકિતગત કે શું પ્રજાકીય પાયા પર જે અનેકવિધ સામગ્રી પ્રજાના શારીરિક, પ્રાકૃતિક, માનસિક તેમજ આધ્યાત્મિક જીવનમાં મોજુદ છે તે સમગ્રનો વિચાર કરવો આવશ્યક છે. પત્યક્ષ યા પરોક્ષ એક રીતે કે બીજી રીતે ચરિત્રનો વિકાસ કરવામાં સહાય થનારા બધા જ કર્મધર્મોને ચરિત્રના ઘડતરના અંગ માનવા જોઈએ. કોઈ વ્યકિતવિશેષ પછી એ પોતે ગમે તેવડો મહાપુરુષ ભલે હોય ધર્મ નિયામક બનીને એમ ન કહી શકે કે બસ આમ જ કરો, બીજી કોઈ રીતે નહી, ચરિત્રની પૂર્ણતાની સિધ્ધિ અર્થે સૌને માટે તે એક જ રસ્તો બતાવી શકતો નથી. ચરિત્રવાન મહાત્મા પોતે પણ કોઈ બીજાએ બતાવેલી કેડી પકડીને ચાલ્યો નથી. એણે ફરી ફરીને પ્રયોગ–અખતરા કરી પોતાની કેડી જાતે શોધી હતી. અને પછી તે એકલપંડે ખેડી હતી.

– સ્વામી આનંદ

અથવા

પ્રશ્ન – ૧ " સંસારમાં પાપ છે જ નહી. એ કેવળ મનુષ્યની દ્રષ્ટિબિંદુની વિષમતાનું બીજુ નામ છે. પ્રત્યેક વ્યકિત એક વિશેષ સ્વરૂપની મનોવૃત્તિ લઈને ઉત્પન્ન થાય છે. દરેક વ્યકિત આ સંસારની રંગપીઠ પર એવો અભિનય કરવા આવે છે પોતાની મનોવૃત્તિ અનુસાર પાઠ ભજવે છે. એ જ મનુષ્યનું જીવન છે. મનુષ્ય જે કાંઈ કરે છે તે પોતાના સ્વભાવને વશ વર્તીને કરે છે. મનુષ્ય પોતાનો સ્વામી નથી. એ પરિસ્થિતિનો દાસ છે. વિવશ છે. એ કર્તા નથી, કેવળ સાધન છે. પછી પુણ્ય ને પાપ કેવું ? મનુષ્ય મમત્વપ્રધાન છે. દરેક વ્યકિતને સુખ જોઈએ છે. માત્ર વ્યકિતઓના સુખનું કેન્દ્ર જુદુ હોય છે. કોઈ ધનમાં, કોઈ મંદિરમાં, કોઈ વ્યભિચારમાં, કોઈ ત્યાગમાં સુખ જુએ છે, પણ દરેક વ્યકિતને સુખ જોઈએ છે. કોઈપણ વ્યકિત પોતાની ઈચ્છાથી એવું કામ નહી કરે કે જેમાંથી એને દુઃખ મળે. આ જ મનુષ્યની મનોવૃત્તિ છે, આ જ તેની વિષમતા છે. એટલા માટે જ સંસારમાં પાપની પરિભાષા એક સરખી થઈ શકી નથી. આપણે પાપ નથી કરતા પુણ્ય નથી કરતા. એ જ કરીએ છીએ જે આપણે કરવું પડે છે. "

– કિશોરલાલ મશરૂવાળા

પ્રશ્ન – ૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

" આળસ પરમેશ્વરના આપેલા હાથપગનું અપમાન છે. કોઈ આંધળો હોય તો મારે એને રોટલો તો આપવો જોઈએ, પરંતુ એને પણ હું સાત આઠ કલાકનું કામ તો હું આપીશ. એને કપાસ પીલવાનું કામ આપીશ. એક હાથ થાકી જાય એટલે એ બીજા હાથનો ઉપયોગ કરે અને એ રીતે આઠ કલાક પરિશ્રમ કરી મહેનતનો રોટલો ખાય. આંધળા અને લૂલા–લંગડાને પણ તેઓ જે કામ કરી શકે તે કામ તેમની પાસે કરાવીને રોટલો આપવો જોઈએ. આથી શ્રમની પૂજા થાય છે અને અન્નની પણ. આથી કરીને જેને તમે દાન આપો છો તે કંઈ સમાજસેવા , કોઈ ઉપયોગી કામ કરે છે કે નહી એ પણ તમારે જોવું જોઈએ. એ દાનને વાવેલુ બીજ સમજો. સમાજને એનો પૂરેપૂરો બદલો મળે એ જરૂરી છે. દાતા પોતાના દાન વિશે આવી દ્રષ્ટિ નહિ રાખે તો એ દાનને બદલે અધર્મ થશે, અવિવેક કે બેપરવાઈનું કામ થશે.

પ્રશ્ન – ૨ – વિનોબા ભાવે

અથવા

" સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મે નથી અનુભવ્યુ. સત્યમય થવાને સારું અહિંસા એ જ એક માર્ગ છે, એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજુ છું. પ્રયન્ન વ્યર્થ હો, પણ વચન વ્યર્થ નથી. મારી અહિંસા સાચી તોયે કાચી છે, અપૂર્ણ છે, તેથી મારી સત્યની ઝાંખી હજારો સુરજને એકઠા કરીએ તો પણ જે સત્યરૂપી સૂરજના તેજનું પુરું માપ મળી ન શકે એવા સુરજના એક કિરણમાત્રના દર્શનરૂપ જ છે. એનું સંપૂર્ણ દર્શન સંપૂર્ણ અહિંસા વિના અશકય છે. એટલું તો હું મારા આજ લગીના પ્રયોગોને

અંતે અવશ્ય કહી શકું છું. આવા વ્યાપક સત્યનારાયણના પ્રત્યેક દર્શનને સારૂ જીવમાત્રની પ્રત્યે આત્મવત્ પ્રેમની પરમ આવશયકતા છે અને તે કરવાને ઈચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો.

પ્રશ્ન – ૩ વિરામચિહ્નો એટલે શું ? સમજાવી ગુજરાતી ભાષામાં પ્રયોજવામાં આવતા વિવિધ વિરામચિહ્નોને ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન – ૩ નીચેના વાકયોમાં વિરામચિહ્નો મૂકી વાકયો ફરીથી લખો.

(૧) કેતકી બહેન સવારે વાંચે છે

(૨) સરદાર આપણું લશ્કર વિજયકૂચ કરી રહયું છે

(૩) ખરેખર આપા દેવાત તો આપા દેવાત જ

(૪) ભગવાન બુધ્ધ કહે છે અહિંસા પરમ ધર્મ છે

(૫) નેતાજી ખુરશીનો મોહ છે

(૬) પણ તારા અભિમાન કયાં ઓછા હતા

(૭) અમદાવાદમાં હરિજન આશ્રમ રાષ્ટ્રીય તીર્થ છે

પ્રશ્ન – ૪ નીચે આપેલા રૂઢીપ્રયોગોના અર્થ આપો. (૧૪)

(૧) ધૂળમાં મળવું

(૨) પરસેવો પાડવો

(૩) દરગુજર કરવું

(૪) ફાંફાં મારવાં

(૫) ફના થવું

(૬) મહેનત ધૂળમાં મળવી

(૭) પાણી ફેરવી દેવું

અથવા

પ્રશ્ન – ૪ કહેવતોના અર્થ આપો.

(૧) કુવામાં હોય તો હવાડામાં આવે

(૨) આખું કોળુ શાકમાં

(૩) પેટનો બળ્યો ગામ બાળે

(૪) ફૂલેકું ચઢાવવું

(૫) મારી બિલ્લી મારાથી મ્યાંઉ

(૬) પાકે ઘડે કાઠાં ન ચડે

(૭) ઘેર ઘેર માટીના ચૂલા

પ્રશ્ન – ૫ નીચેના માંથી કોઈપણ બે ના જવાબ આપો. (૧૪)

(૧) સમાસ એટલે શું ? ઉદાહરણ સાથે જણાવો.

(૨) બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા ઉદાહરણ સહિત સમજાવો.

(૩) ઉપપદ સમાસના સાત ઉદાહરણ વિગ્રહ કરો.

(૪) કર્મધારય સમાસના સાત ઉદાહરણ વિગ્રહ કરો.

********************